રાજ્યમાં ૨૪ કલાકમાં વધુ નવા ૧૩૪૯ કેસ

છેલ્લા ૨૪ કલાકમાં ૧૭નાં મોત : અત્યાર સુધીમાં ૩૨૪૭ના મૃત્યુ, ૯૬૭૦૯ ડિસ્ચાર્જ : કુલ ૯૬ વેન્ટીલેટર પર

ગાંધીનગર,તા.૧૫

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોના ૭૮૧૮૨ ટેસ્ટ કરવામાં આવતા ૧૩૪૯ પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ સાથે શહેરમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૧૧૬૩૪૫ થયો છે. આજે ૧૭ દર્દીઓના મોત કોરોનાને લીધે થતા કુલ મૃત્યુઆંક ૩૨૪૭ થયા છે. આજે રાજ્યમાં ૧૪૪૪ દર્દી સાજા થયા આ સાથે અત્યાર સુધીમાં કુલ ૯૬૭૦૯ દર્દીઓ સાજા થયા છે. રાજ્યમાં આજની સ્થિતિએ ૧૬૩૮૯ એક્ટિવ કેસ છે. જેમાં ૯૬ વેન્ટીલેટર પર અને ૧૬૨૯૩ સ્ટેબલ છે. રાજ્યમાં સતત સંક્રમણ વધતુ જાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૩૪,૩૮,૫૦૦ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં સાજા થવાનો દર ૮૨.૮૪ ટકા થયો છે. રાજ્યમાં આજની સ્થિતિએ કુલ ૭,૪૩,૪૨૯ વ્યક્તિઓ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૪,૪૨,૯૨૮ વ્યક્તિ હોમ ક્વોરેન્ટાઈન છે અને ૫૦૧ વ્યક્તિ ફેસીલીટી ક્વોરોન્ટાઈન છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ કોવિડ-૧૯ના કારણે ૧૭ મોત થયા છે. જેમાં અમદાવાદ મહાનગરમાં ૪, ગાંધીનગર જિલ્લામાં ૧, સુરતમાં ૪ અને સુરત કોર્પોરેશનમાં ૧, વડોદરામાં ૧ અને વડોદરા કોર્પોરેશનમાં ૧, જામનગરમાં ૧ અને જામનગર કોર્પોરેશનમાં ૨, રાજકોટ મહાનગર માં૧, મહીસીગરમાં ૧ મોત કોરોનાના કારણે નોંધાયેલ છે.

અમદાવાદ મહાનગરમાં આજે ૧૫૨ અને જિલ્લામાં ૨૦ સાથે કુલ ૧૭૨ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૩૪ હજારને પાર ૩૪૦૭૨ થયો છે. આજે શહેરમાં વધુ ૪ મોત સાથે મૃત્યુઆંક કુલ ૧૭૬૬ થયો છે. સુરત શહેરમાં ૧૭૩ અને ૧૦૪ સાથે ૨૭૭ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે. આ સાથે શહેરમાં કુલ કોરોના સંક્રમિતનો આંકડો ૨૪૮૨૧ થયો છે. આજે વધુ ૫ મોત સાથે મૃત્યુઆંક ૭૦૬ થયો છે. વડોદરા શહેરમાં ૮૯ અને જિલ્લામાં ૪૦ સાથે ૧૨૯ કેસ કોરોનાના નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૧૦ હજારને પાર પહોંચી ૧૦૦૭૮ થયો છે. આજે ૨ મોત નોંધાતા મૃત્યુઆંક ૧૫૪ થયો છે. રાજકોટ શહેરમાં ૯૪ અને જિલ્લામાં ૪૭ સાથે કુલ ૧૪૧ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૬૯૮૯ થયો છે. આજે વધુ ૧ મોત નોંધાતા મૃત્યુઆંક ૧૧૪ ૫૩ પહોંચી ગયો છે.

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોની ટીમ અરવલ્લીમાં ત્રાટકી

મોડાસા નજીક કારમાંથી અધધ ૧.૨૦ કરોડનો ચરસનો જથ્થો ઝડપાયો

મોડાસા, તા. ૧૫

અમદાવાદના વડોદરા એક્પ્રેસ ટોલપ્લાઝા પાસેથી ત્રણ દિવસ અગાઉ ૧ કરોડના એમડી ડ્રગ્સ સાથે અમદાવાદના એએસઆઈ સહીત ૫ ડ્રગ પેડલરને ક્રાઈમ બ્રાન્ચે દબોચી લીધાની ઘટનાની શાહી સૂકાઈ નથી ત્યારે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોની ટીમે મોડાસા નજીકથી પસાર થતી દિલ્હી પાસિંગની વેગન આર કાર માંથી ૧૬ કિલો ચરસની હેરાફેરી અટકાવી જપ્ત કરી કાશ્મીરના એક શખ્સને દબોચી લીધો હોવાની માહિતી પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ છે. એનસીબીની ટીમ કારમાંથી ચરસ પકડાયાના અનેક કલાકો સુધી સ્થાનિક પોલીસને દૂર રાખવામાં આવી છે. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોની ટીમે આરોપી સાથે સર્કીટહાઉસમાં ધામા નાખી કાયદેસરની કાર્યવાહી માટે તજવીજ હાથધરી છે મોડાસા નજીક કારમાંથી ૧.૫ કરોડ રૂપિયાની કિંમતની ચરસ જપ્ત કરવામાં નાર્કોટિક્સ બ્યુરો ટીમને

સફળતા મળી હતી બીજીબાજુ જિલ્લા પોલીસતંત્ર ઊંઘતી હોય તેવો ઘાટ સર્જાયો હતો.

શામળાજી-રતનપુર ચેકપોસ્ટ બુટલેગરો માટે સ્વર્ગ સમાન છે વર્ષે દહાડે કરોડો રૂપિયાનો વિદેશી દારૂ બુટલેગરો ગુજરાતમાં ઠાલવી રહ્યા છે. અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં-૮ હવે માદક પદાર્થો ઘુસાડવા પણ સેફ હેવન હોય તેમ કાશ્મીરથી મોટા પ્રમાણમાં ચરસનો જથ્થો ઠાલવવા માટે ઉપયોગ થવા લાગતા નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના અધિકારીઓના પણ આંટાફેરા વધી ગયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર અરવલ્લી જીલ્લાના માર્ગો પર ખાનગી કારમાં નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોની ટીમે ધામા નાખી ચરસની હેરાફેરીનો પર્દાફાશ કર્યો હતો. મોડાસા નજીક વોચમાં રહેલી એનસીબીની ટીમે વાદળી કલરની દિલ્હી પાસિંગની વેગનઆર કારને અટકાવી મોટી માત્રામાં ચરસનો જથ્થો ઝડપી પાડ્યો હતો. એનસીબીની ટીમે વેગનઆર કારમાંથી અધધ ૧૬ કિલો ૧.૫ કરોડ રૂપિયાંની કિંમતની ચરસ ઝડપી પાડી આરોપીની પૂછપરછ હાથ ધરી છે. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોની ટીમે મોડાસાના સર્કિટહાઉસમાં ધામા નાખ્યા છે હાલ તો અરવલ્લી જીલ્લા પોલીસતંત્રની નજર એનસીબીની કામગીરી સામે મંડરાઈ છે. અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર માટે વધુ એક શરમજનક ઘટના બનતા સ્થાનિક પોલીસની કામગીરી સામે અનેક પ્રશ્નાર્થ પેદા થયા છે.

૧૬ થી ૨૦ સપ્ટેમ્બર દરમિયાન જિલ્લામાં છુટો છવાયો વરસાદ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં ૧૬ થી ૨૦ સપ્ટેમ્બર સુધી છુટી છવાઈ જગ્યાઓ પર હળવાથી મધ્યમ વરસાદના યોગો છે. દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૪૮ માં આ પૂર્વાનુમાન જણાવવામાં આવ્યુ છે.

આ પૂર્વાનુમાન પ્રમાણે આ પાંચેય દિવસમાં આકાશ મોટે ભાગે વાદળછાયુ રહેશે અને છુટા છવાયા સ્થાનો પર હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવનાો છે. આ પૂર્વાનુમાનમાં જણાવ્યા પ્રમાણે મહત્તમ તાપમાન ૩૩-૩૪ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૪-૨૫ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૭ થી ૮૮ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. જ્યારે પવનની ગતિ ૭ થી ૧૧ કિ.મી. પ્રતિ કલાક રહેવા શક્યતા છે. ખેડૂતોને સલાહ આપતાં આ બુલેટીનમાં જણાવાયુ છે કે વાવેતર કરેલ પાકોમાં વરાપ થયે ખેતી કાર્યો જેવા કે નિંદામણ અને આંતરખેડ કરવી. પાકની નિયમિત દેખરેખ રાખવી. હાલની હવામાનની પરિસ્થિતિ મુજબ પાક સંરક્ષણના પગલાં લેવા.

વડાપ્રધાનના જન્મદિને ગજેન્દ્રસિંહ પરમારે મહિયલ ગામની શાળામાં વૃક્ષારોપણ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૦માં જન્મદિને પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારે મહિયલ ગામની પ્રા. શાળામાં ૭૦ જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણ કરી લોકલાડીલા દેશના વડાપ્રધાનને શુભેચ્છા પાઠવી હતી. આજના જન્મદિવસની ઉજવણીમાં મહિયલ ગામની પ્રા. શાળા સ્ટાફ પરિવારે શાલ ઓઢાડી ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારનુ સન્માન પણ કર્યુ હતુ. નરેન્દ્રભાઈ મોદીના જન્મદિને શુભેચ્છાઓ પાઠવતા સરપંચ રાકેશભાઈ મહેતા, શેઠ મહેશભાઈ ઉપાધ્યાય, પૂર્વ તાલુકા પ્રમુખ બંસીકાકા, માર્કેટયાર્ડના ચેરમેન કલ્પેશભાઈ પટેલ, પૂર્વ તાલુકા સદસ્ય ગુજરાલસિંહ ઝાલા, ગ્રામજનો, બીઆરસી સ્ટાફ તથા શાળા પરિવારે આ પ્રસંગે હાજરી આપી વડાપ્રધાનને બિરદાવી સૌ કોઈએ તેમની દિર્ઘાયુની પ્રભુ પાસે શુભકામના પણ માંગી એક બીજાને શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

પ્રાંતિજ ખાતે નગરપાલિકાની સામાન્ય સભા યોજાઈ

કારોબારી સહિત વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી : પાર્ટીના વ્હીપ મુજબ સમિતિઓના ચેરમેનોની થયેલી વરણી : કારોબારી સહિત ૨૦ સમિતિઓની રચના થઈ

પ્રાતિજ, તા. ૧૫

સાબરકાંઠાજિલ્લાના પ્રાંતિજ નગરપાલિકામાં નગરપાલિકાના પ્રમુખની ચૂંટણી બાદ આજે નગરપાલિકાના ચુંટાયેલા સભ્યોની સામાન્ય સભા યોજાઈ હતી જેમાં પાર્ટીના વ્હીપ

મુજબ સર્વાણુંમત્તે કારોબારી તથા વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી હતી.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ભાજપ શાસિત નગરપાલિકાના વિશાળ સભાખંડમાં ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, મહામંત્રી ગીરીશભાઈ પટેલ, મહામંત્રી નિકુંજભાઈ રામી પાર્ટી વ્હીપ લઈને આવ્યા હતા. નગરપાલિકાના પ્રમુખ દિપકભાઈ કડીયા તથા ઉપપ્રમુખ જગદીશભાઈ કિમતાણીની ઉપસ્થિતિમાં ભારતીય જનતાપાર્ટીની વ્હીપ મુજબ કારોબારી તેમજ નગરપાલિકાની વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી હતી, જેમાં કારોબારી સમિતિના ચેરમેન પદે રાઠોડ જશોદાબેન નટવરસિંહની નિમણુંક કરવામાં આવી હતી, જાહેરબાંધકામ સમિતિના ચેરમેનપદે રાજેશભાઈ રતિલાલ ટેકવાણી, નગરઆયોજન સમિતિના ચેરમેન ગીતાબેન બીપીનકુમાર સોની, પાણી પુરવઠા સમિતિના ચેરમેનપદે શિલ્પાબેન મહેશસિહ મકવાણા, આરોગ્ય સમિતિના ચેરમેન દિલીપભાઈ પશાભાઈ રાવળ, દિવાબતી સમિતિના ચેરમેનપદે સીતાબેન ધુળાજી વણઝારા, ગટર યોજના અને ફાયર સમિતિ ચેરમેનપદે મહેબુબખા અહમદખા બલોચ, ટાઉનહોલ સમિતિ પદે રીટાબેન દિલીપભાઈ રાઠોડ, એસ્ટાબ્લીશમેન્ટ સમિતિના

ચેરમેનપદે દિપકકુમાર હસમુખભાઈ કડીયા (પ્રમુખ), ગુમાસ્તાધારા સમિતિ ચેરમેનપદે રીટાબેન દિલીપભાઈ રાઠોડ, સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના સમિતિના ચેરમેનપદે કોકીલાબેન વિજયભાઈ પટેલ, સ્વચ્છ ભારત અભિયાન સમિતિ ચેરમેનપદે ધવલભાઈ ભાસ્કરભાઈ રાવલ, વસુલાત સમિતિના ચેરમેનપદે મોજીબેન લલ્લુભાઈ રબારી, સમાજ કલ્યાણ સમિતિના અને શિક્ષણ સમિતિના ચેરમેનપદે અરવિંદભાઈ કાલીદાસ પરમાર, સ્મશાન સમિતિના ચેરમેન દક્ષાબેન જીતેન્દ્રસિંહ મકવાણા, બગીચા સમિતિના ચેરમેનપદે મોજીબેન લલ્લુભાઈ રબારી, પ્રધાનમંત્રી આવાસ યોજના સમિતિ ચેરમેનપદે ગીતાબેન સંજયભાઈ પટેલ, દબાણ અને ઉત્પાદન સમિતિપદે નયભભાઈ ભરતભાઈ દેસાઈ, ડેવલોપમેન્ટ એન ડ્રાફ્સ્કીમ સમિતિ ગોવિદજી કેશાજી પરમારની સર્વાનુમતે પાર્ટીના વ્હીપ મુજબ વરણી કરવામાં આવી હતી તો તમામ સભ્યોએ વધાવી લીધી હતી.

પાક માટે જાસૂસી કરતો ઈમરાન ગિતેલી ગોધરામાંથી ઝડપાયો

ગોધરા, તા. ૧૫

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી(એનઆઈએ)ની ટીમે સોમવારે મોડી રાતે મહત્વપૂર્ણ ઓપરેશન પાર પાડતા ગોધરામાંથી પાકિસ્તાની જાસૂસને ઝડપી પાડ્યો છે. એનઆઈએની ટીમે પાકિસ્તાની જાસૂસ ઈમરાન ગિતેલીની પૂછપરછ શરૂ કરી દીધી છે. ઈમરાન ગિતેલી વિશાખાપટ્ટનમ જાસૂસી કેસનો પણ મુખ્ય આરોપી હોવાનું બહાર આવ્યું છે. પાકિસ્તાન માટે જાસૂસી કરતો ૩૭ વર્ષીય ઈમરાન ગિતેલી મૂળ ગોધરાનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે અને તે પાકિસ્તાન માટે જાસૂસી કરતો હતો.

શામળાજી બસસ્ટેન્ડ નજીક ટ્રેલરના ટાયર યુવકના માથા પર ફરી વળતા કમકમાટીભર્યું મોત

શામળાજી, તા. ૧૫

અરવલ્લી જીલ્લામાં ભારવાહક વાહનચાલકો ટ્રાફિક નિયમનનો ઉલાળિયો કરી બેફામગતિએ વાહનો હંકારતા હોવાથી વારંવાર અકસ્માતની ઘટનાઓમાં

નિર્દોષ લોકોએ જીવ ગુમાવવો પડે છે. શામળાજી બસસ્ટેન્ડ નજીક ટ્રક-ટ્રેલર ચાલકે બાઈકને અડફેટે લેતા બાઈક સવાર યુવક રોડ પર પટકાતા ટ્રક-ટ્રેલરના ભારે ભરખમ ટાયર માથા પર ફરી વળતા યુવકનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. બાઈકચાલક યુવક રોડ સાઈડમાં ફેંકાતા શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ સારવાર અર્થે ખસેડાયો હતો. અકસ્માતના પગલે ટ્રાફિકજામ જોવા મળ્યો હતો. શામળાજી પોલીસે અકસ્માત સ્થળે પહોંચી મૃતક યુવકના મૃતદેહને પીએમ માટે ખસેડી ટ્રાફિક પુર્વરત કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ભિલોડાના ભવાનપુર ગામનો યુવક દક્ષ શંકરભાઈ પારઘી નામનો યુવક તેના મિત્ર વિવેકની બાઈક પાછળ બેસી કામકાજ અર્થે નીકળ્યો હતો, શામળાજી બસસ્ટેન્ડ નજીકથી પસાર થઈ રહેલી બાઈકને ટ્રક-ટ્રેલરના ચાલકે ટ્રક-ટ્રેલર બેફિકરાઈભરી અને પુરઝડપે હંકારી બાઈકને ધડાકાભેર અડફેટે લેતા બાઈકચાલક સહીત પાછળ બેઠેલ દક્ષ પારઘી પટકાતા રોડ પર પટકાયેલ દક્ષ પારઘીના માથા પર ટ્રક-ટ્રેલરનું ટાયર ફરી વળતા માથાના ભાગના ફુરચેફુરચા ઉડી જતા ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. બાઈકચાલક યુવક વિવેકના શરીરે ઈજાઓ પહોંચતા સારવાર અર્થે લોકોએ દવાખાને ખસેડ્યો હતો. અકસ્માતના પગલે યુવકના પરિવારજનોએ આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી. અકસ્માત સર્જી ટ્રક-કન્ટેનર ચાલક ટ્રક-કન્ટેનર ઘટનાસ્થળે મૂકી ફરાર થઈ ગયો હતો. અકસ્માતના પગલે શામળાજી પોલીસ ઘટનાસ્થળે પહોંચી યુવકના મૃતદેહને પીએમ માટે ખસેડી અજાણ્યા ટ્રક-કન્ટેનર ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

કેસ ૧૦૪૫ થયા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગુજરાત મેરીટાઈન બોર્ડમાં જુનિ. એક્ઝીક્યુટીવ તરીકે નોકરી કરતા અને સે. ૨૪ માં રહેતા ૨૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૫ માં રહેતા અને એકાઉન્ટ ઈન્ટ્રીગ્રીટી પ્રા.લિ.માં નોકરી કરતા ૩૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે. સે. ૧૯ માંથી ૨૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ઈન્કમટેક્ષ ઓફિસર તરીકે અમદાવાદમાં ફરજો બજાવતા અને સે. ૨ માં રહેતા ૩૭ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મદદનીશ ઈન્ટેલીજીન્ટસ ઓફિસર તરીકે પોલીસ ભવનમાં ફરજો બજાવતા અને સે. ૪ માં રહેતા ૩૨ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સાબરડેરીમાં લેબ ટેક્નીશ્યન તરીકે ફરજો બજાવતા અને સે. ૩૦માં રહેતા ૪૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૭ માંથી ૭૩ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૮ માંથી એક ૪૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૨, ૪, ૩૦, ૨૭, ૮માંથી મળેલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં હોમ આઈસોલેશન હેઠળ હાલ ૮૦ થી વધુ દર્દીઓ છે.

ખિલખિલાટ સુન્ન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સતર્ક નજરે પડયા હતા. સોસાયટીમાં દિવસ દરમિયાન બાળકો ઉઠાવતી ગેંગ સક્રીય થઈ હોવાનો વિષય ચિંતા સાથે ચર્ચાની એરણે રહ્યો હતો. સે-૫ માં બાળકોને ઉઠાવી જતી ગેંગ સક્રીય થઈ હોવાની વાતના મેસેજીસ ગઈકાલે આખો દિવસ સોશિયલ મીડીયામાં ફરતા થતા સેકટરના રહીશો આ બાબતે વધુ ચિંતિત અને ગંભીર જોવા મળ્યા હતા. આખો દિવસ આ વિષય ટોક ઓફ ધ ટાઉન રહ્યો હતો જયારે દિવસના અંતે સાંજના સમયે સેકટરોના કોમન પ્લોટમાં બાળકોને રમવા જવા દેવા માટે પણ સેકટરવાસીઓ જરા પણ રાજી ન હતા. સે-૫ની આ ઘટના પ્રકાશમાં આવ્યા બાદ સેકટર વાસીઓમાં ફફડાટ પ્રવર્તયો છે. સેકટર વાસીઆની અરજી, સી સી ટીવીના ફુટેજના આધારે તપાસની દીશામાં આગળ વધતી પોલીસે પણ ઓરોપીઓને ગિરફતમાં લેવા પ્રયાસો શરૂ કર્યા છે. સેકટરોમાં ઘર આંગણે કોમન પ્લોટમાં જ ખિલખિલાટ કરતા ભુલકાઓ સલામત ન હોવાની લાગણી અનુવતા નગરજનોમાં પાટનગરમાં ઘરફોડીયાના વધતા જોર વચ્ચે બાળકોને ઉઠાવતી ગેંગ સક્રીય થતા ઉચાટ અનુભવી રહ્યા છે.

માર્ગ સુધારણા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વિશેષ છે. જયારે શહેર તેમજ જિલ્લાના વિવિધ માર્ગો ઉપરાંત ગુડા વિસ્તારમાં પણ રસ્તાની બદતર હાલત સ્થાનિકો માટે શિરદર્દ સમાન બની છે. ગુડાના વિવિધ ટી પી વિસ્તારમાં સોસાયટીને અનુલક્ષી માર્ગોનુ નિર્માણ કરાયુ છે. પરંતુ વરસાદી દિવસો દરમિયાન આ માર્ગો પણ ઉબડ ખાબડ બન્યા છે જેના લીધે સ્થાનિકોએ અવરજવર કરવામાં પણ મુશ્કેલી વેઠવી પડે છે. માર્ગ સલામતીની દ્રષ્ટીએ પણ જોખમી સ્થિતિ ઉભી થઈ છે. વરસાદી દિવસોમાં માર્ગોનુ ધોવાણ થતા ગુડા દ્વારા પણ સ્થિતિનો અભ્યાસ કરાયો હતો જેમાં મોટાભાગે સોસાયટીના માર્ગો પર પાણી ભરાતા માર્ગો પર ગાબડા અસ્તિત્વમાં આવ્યા હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેમાં બિલ્ડરો વિવિધ સ્કીમોને અનુલક્ષી માર્ગોને અડીને રેમ્પ તૈયાર કરી દેવાતા પાણીનો ભરાવો થવાના લીધે રસ્તાઓની દશા બેઠી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ગુડાએ પણ માર્ગોના નિર્માણની કામગીરી પાછળ જવાબદાર એજન્સીઓને નોટીસ આપી વરસાદી દિવસોના અંતે સરગાસણ, કુડાસણ, રાયસણ સહીતના વિવિધ વિસ્તારમાં માર્ગોને યોગ્ય કરવા માટે સુચના આપી દીધી છે.

જવાનો તૈયાર...

● **પહેલા પાનાનું ચાલુ**

એ ઉલ્લેખ છે કે બન્ને દેશ ન્છઝ પર ઓછામાં ઓછી સેના રાખશે અને જ્યાં સુધી સરહદ વિવાદનું સમાધાન ન નીકળે ત્યાં સુધી ન્છઝનું સન્માન કરશે. ૧૯૯૦થી ૨૦૦૩ સુધી બન્ને દેશે ન્છઝને લઈને પરસ્પર સમજૂતી સ્થાપવાની કોશિશ કરી. પરંતુ ચીને એનાથી આગળ સહમતી દેખાડી નહોતી. એને કારણે ન્છઝને લઈને મતભેદ છે. હું એ પણ જણાવવા માગું છું કે સરકારની વિભિન્ન ઈન્ટેલિજન્સ એજન્સીઓ વચ્ચે સંકલન છે. ટેક્નિકલ અને હ્યુમન ઈન્ટેલિજન્સને ભેગા કરાયા છે. પછી સશસ્ત્ર દળોને એ માહિતી પૂરી પડાય છે.

એપ્રિલથી પૂર્વ લદાખની સરહદ પર ચીનની સેનામાં વધારો કરાયો છે. ગલવાન ઘાટીમાં ચીને આપણી ટ્રેડિશનલ પેટ્રોલિંગ પેટર્નમાં દખલ કરી. એનું સમાધાન લાવવા માટે અલગ-અલગ સમજૂતી અને પ્રોટોકોલ લેવલની વાતચીત કરાઈ રહી હતી. મે મહિનામાં ચીને ઘણા વિસ્તારોમાં ઘૂસણખોરી કરવાની કોશિશ કરી, એમાં પેન્ગોંગ લેક લેક સામેલ છે.

આપણી સેનાને આ કોશિશનો સમયસર ખ્યાલ આવી ગયો અને જરૂરી કાર્યવાહી કરી. અમે ચીનની ડિપ્લોમેટિક અને મિલિટ્રી ચેનલના માધ્યમથી એ જણાવી દીધું કે તમે વર્તમાન સ્થિતિને એકતરફી ફેરફાર કરવાની કોશિશ કરી રહ્યા છો, જે અમને કોઈપણ સંજોગોમાં મંજૂર નથી. બન્ને દેશે ૬ જૂનના રોજ બેસીને એ નક્કી કર્યું કે બન્ને દેશ સેનાની તહેનાતી ઓછી કરશે, પરંતુ ચીને હિંસક અથડામણ કરી. આપણા બહાદુર જવાનોએ બલિદાન આપ્યું અને ચીનને ભારે નુકસાન પહોંચાડ્યું. આપણા જવાનોએ જ્યાં સંયમની જરૂર હતી ત્યાં સંયમ અને જ્યાં શૌર્યની જરૂર હતી ત્યાં શૌર્ય દેખાડ્યું હતું.

સંકેત મળ્યા...

● **પહેલા પાનાનું ચાલુ**

યુનિવર્સિટીના પ્રોફેસર જેન ગ્રીવ્સ અને તેમના સહયોગીઓનો આ જ સવાલ છે. જોકે વૈજ્ઞાનિકોની ટીમે શુક્ર પર જીવન મળવાનો દાવો નથી કર્યો, પરંતુ કહ્યું છે કે એ શક્યતા અંગે વધુ માહિતી મેળવવી જોઈએ. હકીકતમાં કાર્ડિફ યુનિવર્સિટીના પ્રોફેસર જેન ગ્રીવ્સ અને તેમના સાથીઓએ હવાઈના મૌના કેઆ ઑબ્ઝરવેટરીમાં જેમ્સ ક્લાર્ક મૅક્સવેલ ટેલિસ્કૉપ અને ચિલીસ્થિત અટાકામા લાર્જ મિલીમિટર ઍરી ટેલિસ્કૉપની મદદથી શુક્ર ગ્રહ પર નજર રાખી.

તેનાથી ફૉસ્ફીનના સ્પૅક્ટ્રલ સિગ્નેચરની ખબર પડી. બાદમાં વૈજ્ઞાનિકોએ શક્યતા વ્યક્ત કરી છે કે શુક્ર ગ્રહનાં વાદળોમાં આ ગૅસ બહુ મોટી માત્રામાં છે. શુક્ર ગ્રહ અંગે અત્યાર સુધીમાં અમારી પાસે જે જાણકારી છે અને ત્યાં જે સ્થિતિઓ છે, તેને જોતાં ફૉસ્ફીનની જેટલી માત્રા મળી છે, તેનાથી હજુ સુધી કોઈ પણ ફૉસ્ફીનના અજૈવિક માધ્યમની ખબર પડી નથી. તેનો મતલબ કે ત્યાં જીવનની શક્યતા પર વિચાર કરી શકાય છે.

પ્રોફેસર જેન ગ્રીવ્સે કહ્યું, "મારી આખી કારકિર્દીમાં બ્રહ્માંડમાં ક્યાંય પણ જીવન ખોજવામાં રુચિ રહી છે. આથી મને આ શક્યતા અંગે વિચારીને સારું લાગી રહ્યું છે."

જયા બચ્ચન...

● **પહેલા પાનાનું ચાલુ**

કેટલાય સ્ટાર્સ જેલમાં ધકેલાઈ શકે છે. બ્લડ ટેસ્ટ કરાવવામાં આવશે તો કેટલાક ચોંકવાનારા તથ્યો સામે આવશે. આશા છે કે વડાપ્રધાન મોદી સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત બોલીવૂડ જેવી ગટરને પણ સાફ કરશે. પીઢ અભિનેત્રી જયા બચ્ચેને જણાવ્યું કે, મનોરંજન ઉદ્યોગમાં કેટલાય એવા લોકો છે જે સૌથી વધુ ટેક્સ ભરે છે. તેમ છતા તેમને હેરાન કરવામાં આવે છે. અમારી ઈન્ડસ્ટ્રીને અનેક વચનો આપવામાં આવે છે પરંતુ તે પૂરા નથી કરાતા. તેમણે જણાવ્યું કે સરકારે મનોરંજન ઉદ્યોગ સાથે ઊભા રહેવું જોઈએ કારણ કે આ ઉદ્યોગ દર વખતે સરકારની મદદ માટે આગળ આવે છે. સરકારે આ ઉદ્યોગનો હાથ પકડવો જોઈએ કારણ કે કેટલાક લોકો (ખરાબ)ને લીધે તમે સમગ્ર ઉદ્યોગની શાખ ખરાબ ના કરી શકો. આ ઈન્ડસ્ટ્રી આંતરાષ્ટ્રી સ્તરે દેશને સમ્માન અપાવે છે. રવિ કિશનનું નામ લીધા વગર તેમણે જણાવ્યું કે, ગઈકાલે એક સાસંદ ઈન્ડસ્ટ્રીની વિરુદ્ધ બોલ્યા તેનાથી હું શરમ અનુભવું છું. તેઓ પણ આ જ ઈન્ડસ્ટ્રીનો હિસ્સો છે અને જે થાળીમાં ખાય છે તેમાં જ કાણું પાડી રહ્યા છે. આ તદ્દન ખોટી વાત છે.

કોરોના બેકાબુ...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૬૦૫ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં રિકવરી રેટ ઘણો જ સારો હોવાનો તંત્રએ દાવો કર્યો છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૨૦૫ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ૧૦૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

જિલ્લામાં આજે ૧૭,૪૬૪ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. જેમાં ૧૭,૪૪૯ લોકોને હોમ ક્વોરોન્ટાઈન અને ૧૫ લોકોને પ્રાયવેટ ફેસીલીટી સેન્ટરમાં ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

મલ્ટિ-વર્સ ટેક્નોલોજીઝ તરફથી સુરક્ષિત નેટવર્કિંગ અને સહકાર્ય માટે દેશના ડિજિટલ સરનામા, in:collabના લૉન્ચની જાહેરાત

સુરક્ષિત રીતે સર્ચ કરવા, કનેક્ટ કરવા, સંવાદ સાધવા તેમ જ સહકાર્ય કરવા માટે તૈયારમાં આવેલી એક પાવર-હાઉસ નેટવર્ક એપ્લિકેશન

મલ્ટિ-વર્સ ટેક્નૉલૉજીઝ પ્રા. લિ.એ મોટા પાયાના ટેક્નૉલૉજી સ્ટેક્સ, ડેટા સિક્યોરિટી અને ગુપ્તતા જાળવી કુશળતાપૂર્વક પ્રસાર કરવામાં માહેર એવી ફ્રટંક્રીહ ટેક્નૉલૉજીના સહકાર સાથે પોતાના પહેલા સામાજિક સાહસ in:collabના લૉન્ચની જાહેરાત કરી છે. નાગરિકો હવે ઍન્ડ-ટુઍન્ડ ઍનક્રિપ્ટેડ સિસ્ટમ પર આપસમાં, એન્ટરપ્રાઈઝીસ અને સરકારો સાથે શોધવું, રચવું, કનૅક્ટ થવું, સંવાદ સાધવો અને લેવડ-દેવડના વહેવારો કરી શકશે. કંપની મલ્ટિ-વર્સ ટેક્નૉલ